# વીમા એજન્ટ/ વીમા સલાહકાર

વીમા એજન્ટ વીમા કંપની માટે કામ કરે છે અને વિમાની પોલિસીનું વેચાણ કરી કમિશન મેળવે છે. તેઓ વીમા કંપનીઓના કાનૂની પ્રતિનિધિઓ પણ છે.



## વ્યક્તિગત નિપુણતા

- લોકોને સમજાવવાનો પ્રયાસ કરવો તમને ગમે છે
- તમે તમામ પ્રકારના લોકો સાથે સરળતાથી વાત કરી શકો છો
- તમને ફાઈલિંગ અથવા ટાઈપ કરવાનું ગમે છે
- તમને સંખ્યાઓ અથવા ચાર્ટ સાથે કામ કરવું ગમે છે

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧૫,૦૦૦ થી ૩૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. ધોરણ ૧૦ સુધીનો અભ્યાસ પૂર્ણ કરો (૫,૦૦૦થી ઓછી વસ્તી ધરાવતા ગ્રામીણ વિસ્તારોના ઉમેદવારો માટે લાગુ).

૨. વીમા એજન્ટો માટે ૬-મહિનાનો ઔદ્યોગિક તાલીમ સંસ્થાનો કોર્સ કરો, વીમા નિયમનકારી અને વિકાસ સત્તામંડળની પરીક્ષામાં ભાગ લો.

**અથવા**

વીમા એજન્ટો માટે ૬ મહિનાનો ઔદ્યોગિક તાલીમ સંસ્થાનો કોર્સ કરો, કામનો અનુભવ મેળવો અને પછી વીમા નિયમનકારી અને વિકાસ સત્તાધિકારીની પરીક્ષા આપો.

**અથવા**

૩. વાણિજ્ય અથવા વિજ્ઞાન પ્રવાહ (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત)માં ધો. ૧૨ પૂર્ણ કરો, જનરલ/લાઈફ ઈન્શ્યોરન્સ લાયસન્સ માટે IRDA - માન્ય તાલીમ સંસ્થામાંથી ૫૦ કલાકની તાલીમ પૂર્ણ કરો અથવા સંયુક્ત લાયસન્સ માટે ૭૫ કલાકની તાલીમ પૂર્ણ કરો, ત્યારબાદ જીવન વીમા માટેની ૧ઝ૩૩ પરીક્ષા અને સામાન્ય વીમા લાઈસન્સ માટે IC34 (તમે તમારા અનુસ્નાતક અભ્યાસક્રમ પછી આ માર્ગ પસંદ કરી શકો છો) પરીક્ષાઓ પાસ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

વિમા એજન્ટનો અંદાજિત પગાર દર મહિને **રૂ. ૧૬,૬૮૮** થી **૫૦,૦૦૦*** જેટલો અથવા તેથી વધુ હોય છે.

સ્ત્રોત: https://in.talent.com/salary?job=insurance agent

NCS Code: 3321.0100  BFSI09

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** બેંકો, વીમા કંપનીઓ અને અન્ય નાણાકીય સેવા સંસ્થાઓ.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે સ્વતંત્ર રીતે વ્યવસાય કરવાનું પસંદ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ એક ડેસ્ક જોબ છે. આ તમારી ડેસ્ક જોબ હશે. સ્થાનિક મુસાફરી કરવી એ નોકરીની ભૂમિકાનો એક ભાગ છે. તમારા કામના કલાકો નિયત રહેશે. સંસ્થાઓ સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરે છે. સંસ્થાઓ મુજબ આ કલાકોમાં ફેરફાર હોઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

અધિકારી → વીમા એજન્ટ → વીમા એરિયા મેનેજર → પ્રાદેશિક વડા → વિભાગીય વડે → રાષ્ટ્રીય વડા

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ઈન્સ્યોરન્સ એડવાઈઝર, ફાઈનાન્સિયલ પ્લાનર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**કોઈપણ માન્યતા પ્રાપ્ત કોલેજ, જે કોમર્સ/ફાઈનાન્સ અને સંબંધિત વિષયમાં સ્નાતકની પદવી ઉપલબ્ધ કરાવતી હોય.**

**આઈ.આર.ડી.એ.ની માન્યતા પ્રાપ્ત તાલીમ સંસ્થાઓ પૈકીની કેટલીક નીચે મુજબ છે:**

૧. એચ.આર.ડી. ફાઉન્ડેશન, નવી દિલ્હી
૨. વીમા એકેડમી - ઉત્તર પૂર્વ, ગૌહાટી
૩. વીમા એકેડેમી, પુણે
૪. ઉષા દીપ ઈન્સ્યોરન્સ એન્ડ મેનેજમેન્ટ સર્વિસીસ પ્રા. લિમિટેડ, લખનૌ
૫. ઉદયપુર વીમા સંસ્થા
૬. ભારતીય વીમા સંસ્થા, કોલકાતા
૭. દિલ્હી વીમા સંસ્થા
૮. ભોપાલ વીમા સંસ્થા

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે -
https://www.nirfindia.org/2022/Ranking.html

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ



## સાફલ્ય ગાથા

**ઉદ્યોગપતિ લક્ષ્મણ દાસ મિત્તલ**, ઉંમર વર્ષ ૮૯, સોનાલિકા ગ્રુપના માલિક અને ચેરમેન છે, જે ભારતમાં ત્રીજા નંબરની સૌથી મોટી ટ્રેક્ટર ઉત્પાદક કંપની છે. મિત્તલે પોતાની કારકિર્દીની શરૂઆત એલ.આઈ.સી. એજન્ટ તરીકે કરી હતી. મિત્તલે પંજાબ યુનિવર્સિટીમાંથી અંગ્રેજી અને ઉર્દૂમાં એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી હતી.*

સ્રોત: https://www.businesstoday.in/latest/corporate/story/this-industrialist-was-an-lic-agent-earlier-is-a-billionaire-now-hurun-india-rich-list-2020-274316-2020-09-30

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.